મહાનગર સેવા સદન, અમદાવાદ

ઉત્તર ઝોન, ખાતુ : એસ્ટેટ/ટી.ડી.ઓ.

રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ.

તા. 08/10/2015

પ્રતિ,

**સંદર્ભ : અત્રેના EWS આવાસ માટેનો "ડ્રો" માં પસંદગી પામેલ આપની અરજી ક્રમાંક નં. : PA-77952**

આપશ્રીએ કરેલ ઉપરોકત સંદર્ભિતઅરજીના અનુસંધાને જણાવવાનું કે, તા.૧૩/૬/૨૦૧૫ના રોજ થયેલ કોમ્પ્યુટરાઈઝ "ડ્રો" હેઠળ આપની અરજી પસંદગીમાં પામેલ છે. આ પત્ર, આપની અરજીની ચકાસણીના હેતુસર પાઠવેલ હોઈ તેને મકાનની ફાળવણીનો પત્ર માનવાનો રહેશે નહીં.

સંદર્ભવાળી અરજીમાં આપે જે વિગતો રજૂ કરી છે તેની ચકાસણી કરવાના હેતુસર નીચે જણાવેલ સ્થાને અને નીચે જણાવેલ સમયમર્યાદામાં મૂળ પ્રમાણપત્રો/પુરાવાઓ બતાવવાના રહેશે તથા તમામની નકલો રજૂ કરવાની રહેશે; અન્યથા આપની ફાળવણી રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરોકત ચકાસણીમાં આપની અરજી સફળ થયેથી આપશ્રીને ફાળવણીપત્ર આપવામાં આવશે. ત્યારબાદ અરજીમાં ઉલ્લેખિત શરત ક્રમાંક - ૨ અનુસાર ૨૦% નાણાં સંદર્ભે આપની ડીપોઝીટના રૂ. ૭,૫૦૦/- મજરે મળતાં આપશ્રીએ રૂ. ૫૨,૫૦૦/- ત્રણ માસની અંદર જમા કરાવવાના રહેશે. ત્યારબાદના ૧૦ (દશ) મહિનાઓમાં (અંદાજે એક વર્ષના તમામ બાકી રહેતા ૮૦%નાણાં જમા થાય તે રીતે) દર મહિને રૂ.૨૪,૦૦૦/- જમા કરાવવાના રહેશે તથા છેલ્લા હપ્તા સાથે મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ જમા કરાવવાના રહેશે. આ માટે જો કોઈ બેંક કે ફાઈનાન્સિયલ સંસ્થા પાસેથી લોન લેવી હશે તો ચકાસણીમાં આપની અરજી સફળ થયા બાદ આપને આપવામાં આવનાર ફાળવણી પત્ર રજૂ કરી બેંકનો કે ફાઈનાન્સિયલ સંસ્થાનો સંપર્ક કરી શકશો.

Pro-forma

ડેપ્યુટી ટી.ડી.ઓ./ઈ.આઈ
ઉત્તર ઝોન

**રજૂ કરવાના થતા પુરાવા :**

- અરજીપત્રકના ક્રમાંક - ૫ અનુસાર રહેણાંકના પુરાવા માટેનો એક તથા ઓળખના પુરાવા રૂપે એક એમ કોઈપણ બે (નીચે જણાવેલ પૈકીના) પુરાવા

| | | |
|---|---|---|
| ૧. ચૂંટણી કાર્ડ | ૨. ડ્રાઈવિંગ લાઈસન્સ | ૩. આધાર કાર્ડ |
| ૪. PAN કાર્ડ અથવા BPL કાર્ડ | ૫. રેશન કાર્ડ | ૬. લાઈટ બીલ/ટેક્ષ બીલ |
| ૭. સરકારી/અર્ધ સરકારી કર્મચારીનું ઓળખ પત્ર | | |

- અરજીપત્રકના ક્રમાંક - ૬ અનુસાર આરક્ષણ કેટેગરીનું પ્રમાણપત્ર.
- અરજીપત્રકના ક્રમાંક - ૧૮ અનુસાર ઉંમર અંગે કોઈ મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો.
- અરજીપત્રકના ક્રમાંક - ૨૭ અનુસાર આવકના પુરાવા તરીકે પગાર સ્લીપ, ઈન્કમટેક્ષ રીટર્ન, મામલતદારનું પ્રમાણપત્ર, રાજ્ય સરકારના અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર કે BPL કાર્ડ.

| | |
|---|---|
| **અરજી નંબર :** PA-77952<br>**નામ :** MARATHI RAJENDRABHAI LAXMANBHAI<br>**સરનામું :** 1294 LAXMI CHOK SEJPUR NARODA<br><br>**પીનકોડ :** 0 | |

ઉત્તર ઝોન, ખાતુ : એસ્ટેટ/ટી.ડી.ઓ.

રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ

## ફાળવણી પત્ર

તા. 19/01/2016

પ્રતિ,

શ્રી, MARATHI RAJENDRABHAI LAXMANBHAI
1294 LAXMI CHOK SEJPUR NARODA

0

સંદર્ભ : અરજી ક્રમાંક નં. : PA-77952 થી ફાળવાયેલ નીચે મુજબના ઘરનો એલોટમેન્ટ નંબર
ફાળવણીવાળું ઘર : મકાન નં. 1, બ્લોક નં. 3 EWS આવાસ યોજના EWS-21, ટી.પી.૧૪,ફા.પ્લોટ નં.૧૧૦/પી, મહેશ્વરી મીલ, નમસ્તે સર્કલથી બી આર.ટી.એસ રૂટ (દૂધેશ્વર સર્કલ થી ઘાસ બજાર), મધ્યઝોન, અમદાવાદ

ઉપરોક્ત સંદર્ભે આપશ્રીએ કરેલ ઉપરોક્ત સંદર્ભિત અરજીના અનુસંધાને જણાવવાનું કે, તા. ૧૩-૬-૨૦૧૫ ના રોજ થયેલ EWS ફેઝ-૨ ના કોમ્પ્યુટરાઇઝડ "ડ્રો" હેઠળ પસંદગી પામેલ આપની અરજી પરત્વે આપે રજૂ કરેલ પૂરાવા ચકાસણી કરતાં આપની અરજી સફળ જણાતાં આપશ્રીને આ ફાળવણી પત્ર આપવામાં આવી રહેલ છે. (આપે રજૂ કરેલ પુરાવામાં જો કોઇ વિસંગતતા કે અસત્યતા જણાશે તો આ ફાળવણી પત્ર આપોઆપ રદ થયેલ ગણાશે.) તેથી હવે આપે અત્રે જમા કરાવવાના થતાં ૨૦% મુજબનાં નિયત નાણાં સદર્ભે આપની ડિપોઝીટના રૂ. ૭૫૦૦/- મજરે મળતાં બાકી રહેતા રૂ. ૫૨,૫૦૦/- ત્રણ માસની અંદર જમા કરાવવાના રહે છે. ત્યારબાદ ૧૦(દશ) મહિનાઓમાં (અંદાજે એક વર્ષમાં તમામ બાકી રહેતા ૮૦% નાણા જમા થાય તે રીતે) દર મહિને રૂ. ૨૪૦૦૦/- જમા કરાવવાના રહેશે. ઉપરોક્ત છેલ્લા હપ્તા સાથે મેઇન્ટેનન્સ તથા વિજ જોડાણની ડિપોઝીટ તથા લાભાર્થીઓના એસોસીએશનની રચના વિગેરેની ફી સહિતના અન્ય ચાર્જીસ પણ જમા કરાવવાના રહેશે. આપને કોઇ બેંક કે ફાઇનાન્સિયલ સંસ્થા પસેથી લોન લેવી હશે તો આ ફાળવણી પત્ર રજૂ કરી બેંકનો કે ફાઇનાન્સિયલ સંસ્થાનો સંપર્ક કરી શકશો.

ઉક્ત આવાસ ખૂબ જ વ્યાજબી દરે આવાસન પ્રવૃત્તિ માટેની સંપાદિત જમીન ઉપર હાથ ધરીને ફાળવવામાં આવી રહ્યું હોઇ તેનાં નાણાં સમયસર ભરવાની આપની ફરજ બને છે. આપશ્રી દ્વારા ઉપરોક્ત(૧) ૨૦% પેટેના રૂ. ૫૨,૫૦૦/- ત્રણ મહિનામાં જમા નહિ કરવામાં આવશે તો અને (૨) ત્યારપછીના ૮૦% નાણાં જમા કરાવવા માટે નિયત કરેલા હપ્તા પૈકી સતત ત્રણ હપ્તા નહી ભરવામા આવે તો તથા (૩) ઉપરોક્ત ડિપોઝીટ તથા ચાર્જીસ, ૧૦ મા હપ્તા વખતે જમા નહિ કરાવવામાં આવશે તો આપનુ નામ રદ થશે અને અત્રેની પ્રતીક્ષા યાદીમાં નામ ધરાવતા અન્ય જરૂરિયાતમંદ વ્યક્તિને ઉક્ત આવાસ ફાળવી દેવામાં આવશે.

ઉપરોક્ત તમામ નાણાં જમા કરાવવા માટે આપશ્રીએ પ્રથમથી જ "આઇ.સી.આઇ.સી.આઇ. બેંક" અને "કોટક મહિન્દ્રા બેંક" એ બંનેમાંથી એક જ બેંકની પસંદગી કરવાની રહેશે અને તમામ નાણાંકીય વ્યવહારો પસંદગીવાળી કોઇ એક બેંકની (આ સાથેના પત્રકમાં જણાવેલી) શાખાઓ મારફતે જ કરવાના રહેશે. આ અંગે આપ શરતચૂકથી પણ જુદી બેંકમાં નાણાં જમા કરાવશો તો તેથી સર્જાતી સમસ્યા અંગેની કોઇ જ પ્રકારની જવાબદારી અત્રેની રહેશે નહી. ઉપરોક્ત તમામ મુદ્દાઓની નોંધ ગંભીરતાપૂર્વક લેવા વિનંતી છે.

Pro-forma

ડે.ટી.ડી.ઓ. / ડે.ઇ.ઓ.
( ઉત્તર ઝોન )

**સુચના :**

- ICICI બેંક અથવા કોટક મહિન્દ્રા બેંકની આ સાથેના પત્રકમાં જણાવેલી શાખાઓમાં "મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ" ના નામનો ડ્રાફ્ટ, પે-ઓર્ડર કે ચેકથી જ નાણાં ભરી શકાશે.
- બેંકમાં ઉપરોક્ત નાણાં જમા કરાવવા જતી વખતે આ પત્ર અનિવાર્યપણે લઇ જવાનો રહેશે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન, અમદાવાદ

**ઉત્તર ઝોન : એસ્ટેટ / ટી.ડી.ઓ.**

રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ

મેઇનટેનન્સ પત્ર

પ્રતિ શ્રી,

તા :29/12/2017

MARATHI RAJENDRABHAI LAXMANBHAI
1294 LAXMI CHOK SEJPUR NARODA

સંદર્ભ: અરજી ક્રમાંક નં.: PA77952 થી ફાળવાયેલ EWS આવાસ.
ફાળવણીવાળું ઘર: મકાન નં 1 , બ્લોક નં: 3
EWS આવાસ યોજનાનું નામ EWS-21 ટી.પી.૧૪,ફા.પ્લોટ નં.૧૧૦/પી, મહેશ્વરી મીલ, નમસ્તે સર્કલથી બી.આર.ટી.એસ રૂટ (દુધેશ્વર સર્કલ થી ઘાસ બજાર), મધ્યઝોન, અમદાવાદ

2017-

આપને ફાળવાયેલ આવાસ સંદર્ભે નીચે દર્શાવ્યા મુજબના નાણાં મ્યુનિ.કોર્પોરેશનમાં જમા કરાવ્યા બાદ જ આવાસનું પઝેશન સોંપવાની તથા દસ્તાવેજ કરવાની કાર્યવાહી થઇ શકે તેમ હોઇ સદર નાણાં દિન-૦૭ (સાત) માં અચૂક ભરી જવા વિનંતી છે.

| ક્રમ | વિગત | રકમ રૂ/- |
|---|---|---|
| 1 | મેઇન્ટેનન્સ ડિપોઝીટ | 30,000/- |
| 2 | વીજ કનેક્શન અર્થે ટોરેન્ટ પાવર લી. માં જમા કરાવવાની થતી ડિપોઝીટની રકમ | 5,500/- |
| 3 | લાભાર્થીઓના એસોશીએશનની રચના વિ. ની ફી | 2,400/- |
| | કુલ રૂ। | 37,900/- |

Pro-forma

ડે.એસ્ટેટ ઓફીસર
(NORTH....... ઝોન)

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન, અમદાવાદ

**એસ્ટેટ/ટી.ડી.ઓ. ખાતુ (ઉત્તર ઝોન)**

**રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ**

તા. 12/03/2019

[illegible]
ઈનવર્ડ નંબર 12472
તારીખ 16/3/19
નગર વિકાસ ખાતુ
અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન

પ્રતિ,

શ્રી, MARATHI RAJENDRABHAI LAXMANBHAI
1294 LAXMI CHOK SEJPUR NARODA

વિષય : આપશ્રીને ફાળવાયેલ આવાસના પઝેશન તથા કન્વેયન્સ ડીડ બાબત.

સંદર્ભ : અરજી ક્રમાંક નં. E2-PA-77952

ફાળવાયેલ આવાસ : મકાન નં. EWS-21, બ્લોક નં. 3, ફલેટ નં. 1

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે માન.મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના અંતર્ગત આપશ્રીના આવાસ અંગેના પુરાવા ચકાસણી, આવાસના ૨૦% નાણાં, બાકીના ૮૦% નાણાં તથા મેઇન્ટેનન્સ ડીપોઝીટ અને અન્ય ચાર્જીસના નાણા વસુલ લેવા અંગેની કાર્યવાહી ઉપરોકત સરનામા વાળી ઝોનલ કચેરી દ્વારા કરવામાં આવેલ.

હવે પછીથી આપશ્રીને ફાળવાયેલ આવાસના પઝેશનની સોંપણી તથા દસ્તાવેજ અંગેની તમામ કાર્યવાહી અર્થે આપના આવાસની મૂળ ફાઇલ નીચે જણાવેલ ઝોન સરનામે મોકલી આપવામાં આવેલ છે જેથી આપશ્રીને આ પત્ર મળ્યેથી નીચે જણાવેલ પુરાવાઓ સાથે નીચેની ઝોનલ કચેરીના સરનામે આસી.એસ્ટેટ ઓફિસરશ્રી,(મધ્ય ઝોન) નો નીચે જણાવેલ (૧થી૨) ની વિગતો સાથે સંપર્ક કરવા વિનંતી છે.

Pro-froma

ઝોનલ કચેરીનું નામ : એસ્ટેટ/ટી.ડી.ઓ. ખાતુ (મધ્ય ઝોન)

ઝોનલ કચેરીનું સરનામું : બીજો માળ, નવું બિલ્ડીંગ, કંટ્રોલ રૂમની બાજુમાં, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ

સુચના :

(૧) સદર પત્રની નકલ

(૨) ફોટાવાળુ ઓળખપત્ર (ઇલેકશન કાર્ડ,/આધારકાર્ડ/ડ્રાઇવીંગ લાઇસન્સ)

(૩) ઉપરોકત તમામ વિગતો અનિવાર્ય છે તેમાં કસુર થયેથી આપશ્રીને આસી.એસ્ટેટ ઓફિસરશ્રી પઝેશન લેટર આપી શકશે નહી.

[illegible]
DTDO/EO (C-2)

ડે.ટી.ડી.ઓ. / ડે.ઈ.ઓ.
( ઉત્તર ઝોન )

નકલ રવાના: ડે.એસ્ટેટ ઓફિસર(મધ્ય ઝોન)
પઝેશન તથા સોંપણી અંગેની જરૂરી કાર્યવાહી અર્થે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન, અમદાવાદ

**એસ્ટેટ/ટી.ડી.ઓ. ખાતુ (મધ્ય ઝોન)**

બીજો માળ, નવું બિલ્ડીંગ, કંટ્રોલ રૂમની બાજુમાં, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ

પઝેશન લેટર



તા. 09/07/2019

**વિષય : માન.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત EWS ના લાભાર્થીને ફાળવાયેલ આવાસનું પઝેશન સોંપવા બાબત.**

સંદર્ભ : અરજી ક્રમાંક નં. : E2-PA-77952

ફાળવાયેલ આવાસ : EWS-21, બ્લોક નં. 3, ફ્લેટ નં. 1

લાભાર્થીનું નામ : MARATHI RAJENDRABHAI LAXMANBHAI

લાભાર્થીનું સરનામું : 1294 LAXMI CHOK SEJPUR NARODA

સ્કીમનું નામ તથા સરનામું : ટી.પી.૧૪. ફા.પ્લોટ નં.૧૧૦/પી, મહેશ્વરી મીલ, નમસ્તે સર્કલથી બી.આર.ટી.એસ રૂટ (દુધેશ્વર સર્કલ થી ઘાસ બજાર), મધ્યઝોન, અમદાવાદ

માન.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આર્થીક રીતે નબળા લોકો માટે (EWS) આવાસના અરજી ફોર્મ મંગાવી તા. ૧૩/૦૬/૨૦૧૫ના રોજ થયેલ ડ્રો માં આપ સફળ થયેલ છો. અરજીફોર્મની શરતો તથા યોજનાની વિગતોને આધિન નિયમાનુસારના આવાસના નાણાં તથા મેન્ટેનન્સ ડિપોઝીટ તથા અન્ય ચાર્જીસના પુરેપુરા નાણાં આપે કેશ / બેંકલોન લઇને ભરેલ હોઇ આપને ઉપરોકત આવાસનું પઝેશન આપવામાં આવી રહ્યુ છે. તમને ફાળવેલ આવાસની તમામ બાબતની ચકાસણી આપશ્રીએ કરેલ છે. જે આપશ્રીને બરાબર માલુમ પડે છે. હવેથી આ આવાસની સાર-સભાળ અને મરામતની તથા આવાસના ભરવાના થતા તમામ વેરા ભરવાની જવાબદારી આપની રહેશે તમામ સભ્યો એક સાથે પઝેશન મેળવી લે તેવુ શક્ય ન હોઇ સોસા/એસોસીએશનનું સુચારુ સંચાલન-વહીવટ તથા તે બાબતે સભ્યોને તાલીમ મળી શકે તે હેતુસર હંગામી સમય (આશરે બે વર્ષ) માટે અ.મ્યુ.કોર્પો. દ્વારા એન.જી.ઓ.ની નિમણુંક કરેલ છે.જેની સેવાઓ લઇ સોસાયટીના વહીવટમાં સહકાર આપવાનો રહેશે.અરજી ફોર્મની તમામ શરતો તથા ઉકત ઉલ્લેખિત તમામ શરતોનું આપે ચચુકપણે પાલન કરવાનું રહેશે.

Pro-forma

લાભાર્થીની સહી/અંગુઠો

રાજેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ
મરાઠીના ડા.હા.ના
અંગુઠાની નિશાની
10/7/19

ડે.ટી.ડી.ઓ. / ડે.ઈ.ઓ.
( મધ્ય ઝોન )
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી